સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બે-વફાઈ બીકે પક્ષના સભ્યોને બાંધવા પડે !
મારે હવાતિયાં ફૂટતા સભ્યોને સાધવા પડે !
લાગે ન સ્નાન-સૂતક મરે છો મૂલ્યો-નિષ્ઠા -
છે ગરીબી રાજકારણે સભ્યોનેં ગાંધવા પડે !!

હાઈકુ

થાય અનીતિ -
ખેલાય શતરંજ
રાજ'નીતિ'માં...

સત્તા વાસના -
થઈ જાય 'અસભ્ય'
વિધાન - 'સભ્ય'

ચિંતન

પ્રાક્કર્મફળ ભોગાર્હા, બુદ્ધિઃ સંજાયતે નૃણામ્ ।
પાપકર્મણિ પુણ્યે વા, કર્તું શક્તો ન ચાન્યથા ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પૂર્વ જન્મોનાં કર્મને વશ થઈને, મનુષ્યની બુદ્ધિ વર્તમાન જન્મમાં તે કર્મોનાં ફળ ભોગવવાની પ્રવૃત્તિ કરે છે અને આ પ્રવૃત્તિઓથી બંધાતાં વળી પાછા પાપ કર્મો કે પુણ્ય કર્મો નવાં તૈયાર થાય છે. આમ પૂર્વજન્મથી અને તેનાં સંચિત કર્મો દ્વારા જ આ જન્મનાં કર્મો ફલિત થાય છે અને એ રીતે કર્મનું ચક્ર ચાલ્યા જ કરે છે.

કર્મ એક યાંત્રિક પ્રક્રિયા છે. કર્મનાં ફળ મળે છે, માટે સારા અને સાચા કર્મ નિષ્ઠાપૂર્ણ અને તટસ્થ રહી કરવા. તાટસ્થ્ય એટલે નિષ્કામ રીતે કર્મમાં લિપ્ત થયા વિના નિઃસ્પૃહ રહીને કામ કરવું. કોઈ બદલાની ભાવના હોય કે લાભ મળવાની અપેક્ષાથી કરેલું કામ દીપતું નથી. એ કામ સારું અને પરોપકારનું લાગતું હોય છતાં એમાં સંકુચિતતાની દુર્ગંધ છે, સેવાની સુગંધ નહીં.

સુવિચાર

- કુપોષણ હર જગહ હૈ... કહીં આરામ કમ હૈ, કહીં સંસ્કાર...!! - **રાગીની કાંબલે**
- જયાં સુધી જીવ પોતાના આત્માને શુદ્ધ નથી કરતો ત્યાં સુધી જ્ઞાન મેળવવા છતાં એ અજ્ઞાની રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માગવાથી મળે તે આશ્વાન, વણ માગ્યા મળે તે આશીર્વાદ - **શાસ્ત્રી સ્વામી**
- આપણું ચારિત્ર્ય આપણી સફળતાઓ જેમ જ આપણી નિષ્ફળતાથી પણ ઘટાય છે - **જહોન ગ્રે**
- ક્ષમાની આદત વિશ્વના ઘા રૂઝવવાનું આપણું સૌથી મહત્ત્વનું પ્રદાન છે - **મેરિયાના વિલિયમ્સન**
- 'વિચાર' અને 'વિકાર' એક વૃક્ષનાં બે ફળ જ છે, વિચારની દિશા બદલો, વિકાર ખુદ ભાગી જશે - **જીવન પાયેય**
- આજનું ઔષધ : રૂ ને ઠંડા દહીમાં મૂકી રાખી ફંગસ ઈન્ફેકશનની જગ્યાએ વીસ મીનીટ સુધી સવાર-સાંજ જાળવવાથી ફંકશ, ઈન્ફેકશન, ખંજવાળમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભારતના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને ગાંધીજીને ખુશ ખબર આપતા કહ્યું, 'મારા ભત્રીજા પ્રિન્સ ફિલિપની સગાઈ પ્રિન્સેસ એલિઝાબેથ સાથે કરવામાં આવી છે. આપ પણ લગ્ન પ્રસંગ માણવા લંડન આવજો.' ગાંધીજીએ વાઈરરોયને શુભેચ્છા પઠવી અને કહ્યું, 'મને એ જાણીને ખુશી થઈ છે કે તમારા ભત્રીજાના લગ્ન ભવિષ્યમાં જે બ્રિટનનાં રાણી બનનાર છે એની સાથે થવાના છે. મારે એમને કંઈક ભેટ આપવી છે. પણ મારી પાસે એમને લગ્નની ભેટમાં આપી શકાય તેવું કંઈ જ નથી.' માઉન્ટ બેટને કહ્યું, 'તમારી પાસે રેંટિયો છે. એનાથી કંઈક કાંતિને શાહી દંપત્તીને ભેટમાં આપી શકો છો.'

ગાંધીજીને એ વિચાર ગમી ગયો. એમણે જાતે રેંડિયો કાંતીને એક ટેબલ કલોથ બનાવ્યું અને પ્રિન્સ ફિલિપ અને પ્રિન્સેસ એલિઝાબેથને લગ્નની ભેટમાં આપ્યું. એ ભેટ માટે માઉન્ટ બેટને એક ચિઠઠી મોકલી જેમાં એમમે પ્રિન્સ ફિલિપને ઉદ્દેશીને લખ્યું. 'આ ભેટને તમે રાજાની તિજોરીમાં ઝવેરાતની સાથે જ સાચવીને મૂકજો. કારણ કે આ ટેબલકલોથનું કાંતણ કામ એ માણસે કહ્યું છે, જેમણે કહ્યું હતું કે, બ્રિટિશરો એ મારા ભારતમાંથી વિદાય લેવાની છે.'

રાજસ્થાનમાં ગેહલોતનો જાદુ જળવાયો

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરહદ પર ચીની અતિક્રમણ સંદર્ભે છેક લદ્દાખની ફોરવર્ડ પોસ્ટ પર જઈ નિવેદન આપ્યું હતું કે વિસ્તારવાદનો જમાનો ગયો. સમય હવે વિકાસવાદનું સમર્થન કરે છે. જો કે એમની પાર્ટીએ જયારથી સત્તા પર આવી ત્યારથી નર્યું વિસ્તારવાદી વલણ અપનાવ્યું છે તે સર્વવિદિત છે. પાર્ટીને પ્રજાએ નકારી હોય તો પણ આંડા-અળળાં સમીકરણો રચીને, કોંગ્રેસમાંથી પક્ષપલટો કરાવીને કે, ધારાસભ્યોને રાજીનામાં અપાવીને એણે કર્ણાટક અને મધ્યપ્રદેશની સરકારો ઘેરભેગી કરી પોતાનો ઝંડો લહેરાવ્યો છે. રાજસ્થાન શરૂથી જ ભારતીય જનતા પાર્ટીની દાઢમાં હતું અને યુવા કોંગ્રેસી નેતા સચીન પાઈલટની મહત્વાકાંક્ષાથી એ વાકેફ હતી. મધ્યપ્રદેશમાં કોંગ્રેસ પાસે પાતળી બહુમતી હોઈ કમનનાથ સરકારને ભોંયભેગી કરવી અઘરી નહોતી. સિંધિયાને સાઈડલાઈન કરીને પણ એ મિશન પાર પાડી શકાયું હોત. પરંતુ ત્યાં મોદીનો અંગત વિસ્તારવાદી અભિગમ વચ્ચે આવ્યો. એમને ફક્ત કમલનાથ સરકારને પાડવામાં રસ નહોતો. કમલનાથ કરતાં પણ વધુ અળખામણા તો પાર્ટીના જ પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ હતા, જેમની લોકપ્રિયતાને લીધે અડવાણીના સુવર્ણકાળમાં તેઓ મોદીના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી આવ્યા હતા. સિંધિયાએ કોંગ્રેસ છોડાવી ભાજપમાં લાવવાથી લાંબે ગાળે શિવરાજસિંહ ચૌહાણના રાજકારણનું હરિઓમ્ કરી શકાય એમ હતું. એથી એમને સિંધિયાને પોરસાવી બળવો કરાવ્યો એટલું જ નહીં, એમને રાજયસભાના સદસ્ય અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પદની લહાણી કરવાનું પણ વચન આપ્યું. શિવરાજસિંહના નવા મંત્રીમંડળમાં સિંધિયાના સમર્થકોનો દબદબો રહે એનું પણ ધ્યાન રાખ્યું. મધ્યપ્રદેશની સાથે જ રાજસ્થાનમાં પણ યુવા નેતા સચીનને દાણો ચાંપી બળવો કરવા ઉશ્કેર્યા જ હતા. કોરોનાને કારણે વિલંબ થયો પણ સચીન પાઈલટે આખરે પોત પ્રકાશ્યું. અશોક ગહલોત અને કમલનાથ બેઉ ખાઈ બદેલા જૂના જોગી છે અને સોનિયા ગાંધીની ગુડ બુકમાં છે. એથી રાહુલ મંડળીના આ બેઉ યુવાનેતાઓને કટ-ટુ-સાઈઝ કરવામાં એમને વખતપૂરતી સફળતા પણ સાંપડી હતી. રાહુલ મડંળી લોકસભામાં પરિણામોમાં સાંપડેલી નિષ્ફળતા પછી દબી ગઈ હતી. આખરે 'મહારાજ'ની સત્તાલાલસાનો લાભ ભાજપને મળ્યો અને એના પગલે રાજસ્થાનના ઉપમુખ્યમંત્રી સચીન પાઈલટ પણ ભાજપ સાથે સાંઠગાંઠમાં જોતરાયા. જો કે અશોક ગહલેતે મોટાભાગના ધારાસભ્યોને સાચવી લીધા હોઈ સચીન પાઈલટનું વિમાન ટેક ઓફ કરે તે પહેલાં જ ક્રેશ થઈ ગયું છે. કોંગ્રેસના હાઈકમાન્ડે પણ જ્યોતિરાદિત્ય સિંધિયા વખતની ભૂલ સુધારીને નારાજ યુવા નેતાનાં મનામણાં શરૂ કર્યાં છે. સચીન પાઈલટની બાંધી મૂઠી ઊઘડી ગઈ છે અને કોંગ્રેસ વિધાનસભા પાંખ દ્વારા તેઓ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને રાજયના ઉપમુખ્યમંત્રી હોવા છતાં, નામ લીધા વગર પાર્ટી સામે વિદ્રોહ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા અંગેનો ઠરાવ પસાર કરી દીધો છે. ગહલોત વિધાનસભાના ફલોર પર બહુમતિ સાબિત કરી શકવાના મુદ્દે આત્મવિશ્વાસ ધરાવે છે ત્યારે હજી પણ આ નારાજ મહત્ત્વાકાંક્ષી યુવા નેતા એમ માને છે કે ગહલોત વિધાનસભામાં બહુમતી ગુમાવી ચૂક્યા છે. આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર ચીન અને કોરોના કરતાં વધુ ધ્યાન રાજસ્થાન પર આપશે તે નક્કી છે. અત્યારે તો મોદી-શાહની રાજરમત સામે અશોક ગહલોતનો ઘોડો વિનમાં લાગે છે, પણ 'દરોડા' પડવા લાગશે ત્યારે કેટલા ધારાસભ્યો અડીખમ રહેશે તે કહેવું સહેલું નથી !

ઈમોજી આપણા મનની વાત કરે છે

નવાં કલેવર
નટવર હેડાઉ

માનવ મનની વાત પ્રગટ કરવા માટે મોટા ભાગે સંકેત, ચહેરાના હાવભાવ અને શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ સોશિયલ મીડિયાના આ જમાનામાં આપણે આપણી આ ભાવના, લાગણી, સંવેદનાને વ્યક્ત કરવા માટે શબ્દો કરતાં ખાસ પ્રકારનાં ચિત્રોનો ઉપયોગ કરીએ છીએ. તેને ઈમોજી કહેવામાં આવે છે. ઈમોજીનો અર્થ ઈ એટલે ઈમેજ અને મોજી એટલે પાત્ર, એટલે કે પૂરો અર્થ આપણે ચિત્રપાત્ર એવો કરી શકીએ. તેને કયાંક વળી પિક્ટોગ્રાફ પણ કહે છે. જાપાની ભાષામાં તેનો અર્થ ચિત્રલિખિ એવો થાય છે.

ઈમોજી શબ્દ બધી જ ભાષાઓમાં આ નામથી જ ઓળખાય છે. આ ઈમોજીનો વ્હોટ્એપ, ફેસબુક અને ટ્વિટર પર મોટાભાગે ચેટિંગમાં ઉપયોગ કરવામાં આવે છે.

ઈમોજીનો સૌથી પહેલો ઉપયોગ ૧૯૯૫માં પેજરની સાથે કરવામાં આવ્ય હતો. સૌથી પહેલાં ઈમોજી જાપાનના શિગેટિકા કુરિતાએ બનાવેલ જેનો ઉદ્દેશ્ય બાળ કિશોરોને આકર્ષવાનો હતો. વર્ષ ૨૦૧૪થી ૧૭, જુલાઈને 'વર્લ્ડ ઈમોજી ડે' તરીકે ઉજવવાની શરુઆત થઈ. જયારે જેરેમી બર્જે ઈમોજી માટે ઈમોજીપીડિયા શરૂ કરેલ.

સોશિયલ મીડિયાના વધતા જતા ઉપયોગ અને તેના તરફના વલણની સાથે ઈમોજીનો ઉપયોગ પણ દર વર્ષે વધતો જ રહ્યો છે.

એક અભ્યાસ મુજબ ૪૦ ટકા લોકો ઈમોજી દ્વારા જ પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે.

દર વખતે પોતાની વાત કહેવા માટે શબ્દોનો ટાઈમ કરવાની જગ્યાએ ઈચ્છા અનુસાર બે ત્રણ ઈમોજીનો ઉપયોગ કરવાથી મનની વાત પ્રગટ કરવાની આ રીત ખુબ જ સહેલી છે.

ઈમોજીના ઘણા પ્રકાર છે. શબ્દ મોજી, સંકેત મોજી, મિત્ર મોજી વિગેરે... અંગ મોજીમાં તો વળી હાથના ભિન્ન ભિન્ન પ્રકારો આવે છે. જેમ કે, હાથ જોડવા, અંગુઠો કે હથેળી બતાવવી...

છેલ્લી માહિતી મુજબ ફેસબુક પર ૨૮૦૦ થી વધુ ઈમોજીનો ઉપયોગ થઈ રહ્યો છે અને તેમાં દર વર્ષે જરૂરિયાત અનુસાર ઈમોજી નવાં નવાં બનતાં રહે છે. પણ અમુક જ ઈમોજી વધુ લોકપ્રિય છે. ભારતમાં પાંચ ઈમોજીનો ઉપયોગ વધુ થાય છેચ. તેમાં ખુશીના આંસુ, આંખોમાં દિલ સાથે હસતો ચહેરો, નમસ્કાર, ખુશી અને દિલ જેવાં ઈમોજી સામેલ છે.

ખુશી એટલી બધી હોય કે હર્ષનાં આંસુ આવી જાય તે ઈમોજીને વર્ષ ૨૦૧૫માં ઓક્સફર્ડ ડિકશનરીએ વર્લ્ડ ઓફ ઈયરનું ટાઈટલ આપ્યું હતું.

જો તમે પણ તમારી પસંદગીના ઈમોજી બનાવવા માંગતા હો તો પ્લે સ્ટોરમાં અનેક એપ્સ ઉપલબ્ધ છે. જેના દ્વારા આપણે પોતે આપણા પસંદગીના ઈમોજી બનાવી શકીએ છીએ. કેમ કે ઈમોજી આપણા મનની વાત કરે છે.

કોઈની મનોવૈજ્ઞાનિક હત્યાના દોષિત આપણે પોતે તો નથી ને?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

લગ્ન સમયે બંને પક્ષે માત્ર આનંદ કરવાનં હેતુથી ગવાતા ફટાણાં કે જેમાં ઠઠ્ઠા મશ્કરી કે નિર્દોષ મહેણાં-ટોણાં હોય છે તેના થકી પણ જો ઘણા લોકોને માઠું લાગી જતું હોય, તેઓની લાગણી દુભાતી હોય છે. ફટાણાં થકી આવું થતું હોય તો વાસ્તવિક જીવનમાં જે વ્યક્તિ ખરેખર કોઈના મહેણાં-ટોણાંનો ભોગ બનતી હોય તેની માનસિક હાલત શું થતી હશે! બીજી તરફ, ફટાણાં ગાઈને મહેણાં-ટોણાં મારનાર લોકોને જો આનંદ આવતો હોય તો વાસ્તવિક જીવનમાં પોતાની નિશ્ચિત મેલી મુરાદો સાથે કોઈને મહેણાં-ટોણાં મારનાર વ્યક્તિને કેટલો પિશાચી આનંદ મળતો હશે!

આ પ્રકારની વૃતિ એ ભયંકર માનસિક રોગ છે. આ મનોરોગીઓનું મનોવૈજ્ઞાનિક વિશ્લેશણ કરીએ તો એવું લાગે છે કે એ લોકો સતત અસાલમતીની લાગણી અનુભવતા હોય છે. તેઓ સ્વભાવે ડરપોક હોય છે. પોતે ભલે કોઈને મહેણાં-ટોણાં મારીને પરેશાન કરતાં હોય પણ તેના ઉપર કોઈ સીધો હુમલો કરીને તેમને કોઈ મહેણાં-ટોણાં મારે તો કાયરની જેમ રણ છોડીને ભાગી જતાં પણ શરમાતા નથી. એમ પણ કહી શકીએ કે પોતાના કૃત્યો થકી પોતાની સામે જયારે વાસ્તવિકતા ખડી થાય છે કે પોતાના કૃત્યો થકી પોતાની સામે જયારે મોટા પડકારો કે મોટી મુશ્કેલીઓ સામે આવે છે ત્યારે હિમત હારીને પોતાની તલવારો મ્યાન કરતાં પણ સંકોચ અનુભવતા નથી.

મહેણાં-ટોણાં મારવામાં હોશિયાર એવા આ લોકો બોલ્યે બહુ 'ફોરાલ્લ હોય છે, મતલબ કે આખાબોલા હોય છે. કોઈપણ વ્યક્તિ માટે આડું બોલવામાં બેશરમ હોય છે. તેઓના શબ્દો તીર જેવા હોય છે જે હૈયા સોંસરવા ઉતારી જઈને ઊંડા ઘાવ દેતાં હોય છે. કોઈની ટીકા કરવામાં, કોઈની વિરુદ્ધ બોલવામાં કે કોઈને ઉતારી પાડવા માટે કોઈપણ પ્રકારનાં શબ્દો બોલવામાં તેઓને કોઈ જ પ્રકારની શરમ નડતી નથી હોતી.

આ પ્રકારના લોકોને પોતાના સ્નેહી-સંબંધીઓ ઉપર અંકુશ રાખવો ગમતો હોય છે. તેઓની આસપાસ પોતાની પ્રશંશા કરનારાઓનું, તેઓનું આંધળું અનુકરણ કરનારાઓનું એક વર્તુળ હંમેશા તેઓની આસપાસ જ રહેતું હોય છે. તેઓને અન્ય લોકોનું શોષણ કરવું ગમતું હોય છે અને તેમાં તેઓને વિશિષ્ટ પ્રકારનો આનંદ મળતો હોય છે. અન્ય લોકોનું શોષણ કરવા માટે, ભાવાત્મક રીતે પરેશાન કરવા માટે તેઓ વિવિધ પ્રકારની, નવિન્યપૂર્ણ પણ કઢંગી અને ક્રૂર રીતો શોધી કાઢતા હોય છે.

પોતાના સ્નેહી-સંબંધીઓ કે જેને પોતાનો શિકાર બનાવવા માંગતા હોય તેઓ સાથે કોઈપણ પ્રકારની સારી કે ખરાબ ઘટનાના બને એટલે તુરત જ તેઓ એ ઘટનાનું પોતાની રીતે વિક્લેષણ કરતાં હોય છે અને તેમણે હેરાન કરવા માટે એ ઘટનાઓનું વિક્લેષણ કરીને પોતાનો એકશન પ્લાન બનાવતા હોય છે અને એ એકશન પ્લાન તુરંત જ અમલમાં મૂકી દેતાં હોય છે.

એ લોકો કોઈ જ પ્રકારના સામાજિક કે કૌટુંબિક કાયદા, નિયમો, નીતિમત્તા કે સિધ્ધાતોને ગણકારતાં હોતા નથી અને તેની સાથે કશી જ લેવાદેવા હોતી નથી. તે લોકો પોતાના ક્ષણિક આનંદ માટે ગમે તેવા સિધ્ધાંતોને નેવે મૂકી દેતાં હોય છે, માનવતાને કોરાણે મૂકી દેતાં હોય છે અને દયાહીન બનીને, ક્રુર કે ઘાતકી થઈને અન્ય વ્યકિતને માનાસિક કે ભાવાત્મક ઈજા પહોચાડતા પણ અચકાતાં નથી. આવું કરીને તેઓ ક્યારેક રાક્ષસી આનંદ માણતા હોય છે.

જે લોકોની આ પ્રકારની વૃતી હોય છે એ લોકો પોતાની શિકાર વ્યકિતનાં કોઈપણ વ્યક્તિ સાથે સારા સંબધો પણ જોઈ શકતા હોતા નથી. કોઈ બાપ-દીકરાના, કોઈ બે ભાઈઓના, કોઈ દિયર-ભોજાઈનાં, કોઈ પતિ-પત્નીનાં કે કોઈ બે કુટુંબો વચ્ચેનાં સારા સંબધો જોઈને આ લોકોના હદયમાં આગ ઝરતી હોય છે. પોતાના સ્વભાવ અને વૃતી પ્રમાણે એ લોકો પોતે ન જોઈ શકતા સારા સંબધો વચ્ચે તિરાડ પાડવા માટે પોતાનાથી શક્ય એટલા બધા જ પ્રયત્નો કરી છૂટતા હોય છે. જયાં સુધી પોતાના પ્રયત્નોનું પરિણામ નાં આવે ત્યાં સુધી એ લોકો ઝંપીને બેસતા નથી, પછી પરિણામમાં સફળતા હોય કે વિફળતા હોય પણ પોતાના પ્રયત્નોમાં પાછું વળીને જોતાં નથી.

લોકોને પોતાનું સ્વમાન તો વહાલું હોય છે પણ ઘણા લોકને પોતાના સ્વમાન કરતાં પોતાનો અહમ વધારે વહાલો હોય છે. કોઈની ટીકા કરવાથી, કોઈને મહેણાં-ટોણાં મારવાથી વ્યક્તિનો પોતાનો અહમ પોષાતો હોય છે. વ્યક્તિ પોતાના અહમને ટકાવી રાખવા માટે, પોતાના અહમને પોષવા માટે પોતાના શિકાર શોધતી રહેતી હોય છે અને જુદા જુદા સમયે, જુદી જુદી વ્યક્તિને પોતાનું નિશાન બનાવતી રહેતી હોય છે.

પોતાની લીટી મોટી દેખાડવા માટે બીજીની લીટી નાની કરી દેવાની વાત બહુ જાણીતી છે. વ્યક્તિને જયારે એવું લાગતું હોય છે કે પોતાને સંબંધીઓની લીટી મોટી છે ત્યારે તેઓને જાહેરમાં મહેણાં ટોણાં મારી મારીને, તેમને નીચા દેખાડવાનો પ્રયત્ન કરીને પોતાની લીટી મોટી દેખાડવા પ્રયત્ન કરતાં હોય છે, પોતાની જાતને ચડિયાતી સાબિત કરવા માંગતા હોય છે. આમ એવું કહી શકાય કે ઈર્ષ્યાની લાગણીને કારણે વ્યક્તિ આવા કૃત્યો કરવા પ્રેરાતી હોય છે.

આ માનસિક રોગનો ભોગ બનનાર વ્યક્તિને જયા સુધી પોતે કોઈને પોતાનો શિકાર ના બનાવે ત્યાં સુધી તેને ચેન નથી પડતું હોતું. એક શિકાર પછી બીજો, બીજા પછી ત્રીજો, ક્યારેક એક સાથે એકથી વધારે શિકારને પોતાના નિશાન બનાવીને પણ પોતાની વૃતિ સંતોષતા હોય છે. પોતાના જીવન દરમ્યાન કેટલાયે લોકોને પોતાના શિકાર બનાવીને તેઓનું જીવવું ઝેર કરી દેતા હોય છે. (ક્રમશઃ)

સરહદે ચીનની ઉદ્ધતાઈ અને દેશની અંદર કોરોના !!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોઈ મહાન હોવાનો દાવો કરી શકે તેમ નથી અથવા કોઈ બહુ જ નિઃસહાય હોવાથી દુઃખી હોવાનું કહી શકે તેવું પણ નથી. વાસ્તવમાં બધી જ કમાલ સમયની જ હોય છે. સાનુકૂળ સમયથી કોઈએ કદી છકી જવું એ નરી બાલિશતા કહેવાય કારણ કે સમય સતત બદલાતો રહે છે તેના પ્રવાહમાં કદીક નાપસંદ વસ્તુઓ કે ઘટનાઓ આવતી જ હોય છે. સમય ને સાચવવો એ વ્યક્તિની કુશળતા હોય છે. સમયને જાણી લેવો એ જ્ઞાનની વ્યાવહારિક પરીક્ષા છે !! સમય જ બલવાન છે નહીં કોઈ માનવ કે સમુહ એટલે જ ઈશ્વરની મરજીથી પ્રાપ્ત થાય તેને હકારાત્મક વલણથી સ્વીકૃત કરી જીવન જીવી લેવું એમ બધા સંતો અને શસ્ત્રો કહી રહ્યા છે. ઘણીવાર દુઃખના દિવસો જતા નથી તો કેટલીય વાર સુખનો સમય ક્યારે પૂરો થઈ ગયો તેની ખબર પણ પડતી નથી! અત્રે એ યાદ રાખવું જ પડે કે આપણા દરેક સુખ-દુઃખ આપણી દૃષ્ટિનાં છે અને એ હંમેશા સાપેક્ષ હોય છે. કાળ, દેશ, ઉંમર, સ્થળ વગેરે તત્ત્વો ઉપર એ અવલંબિત રહે છે. કોઈકે બહુ સરસ કહ્યું છે કે સુખી થવું હોય તો - જેની સાથે જીવવાની ઈચ્છા હોય તેની સામે જીતવાનું માંડી જ વાળવું !!

હવે વાત કરવી છે એ ભારતની હાલમાં જે સ્થિતિ થઈ છે તેના ઉપર ચિંતન કરવા વિશે છે. કોઈ પણ નાગરિકનો પ્રત્યક્ષ કોઈ ગુન્હો નથી છતાં બધા મહામારી કોવિડ-કોરોનાથી વિચલિત અને ભયભીત છે. આપણી સરકાર, વહીવટીતંત્ર અને પ્રશાસને અતિ ઉમદા યોગદાન આપ્યું છે તેમાં અભિનંદન આપવાનું મન થાય છે કેમ કે માર્ચના છેલ્લા સપ્તાહથી લઈ આજસુધી એકધારા અવિરત તેઓ કાર્યરત છે!! કેમિકલ વેપનનો ઉપયોગ કરનાર જે રાષ્ટ્રનું નામ જાહેર થયું એ રાષ્ટ્ર આવા કપરા કાળમાં પડોશી દેશોની જમીન હડપવાનાં પેંતરા આયોજનબદ્ધ કરી રહ્યું છે. નાગરિકો સહકાર આપી તો રહ્યા છે પણ મહામારીના ભયથી આર્થિક સામાજિક ગતિવિધિઓ શુષ્ક થઈ હોવાથી મંદીનું વાતાવરણ ઝડપથી આગળ વધી રહ્યું છે. કોરોનાની દવા નક્કર રીતે માર્કેટમાં નહી આવે ત્યાં સુધી કુલ હાલત સુધરે તેમ જણાતું નથી અથવા એવું પણ બની શકે કે આ વાઈરસ પોતાની આક્રમકતામાં નબળો થઈ જાય તો બધી જ બાબતે શાંતિ ઊભી થઈ શકે તેવી શક્યતા છે. હર્ડ ઈમ્યુનિટી હવે ઊભી થઈ જતી હોય તેવું અમદાવાદનાં ખ્યાતનામ ડૉકટર કહી રહ્યા છે! લોકો મીડિયામાં મહામારીના સતત સમાચાર જોઈને માનસિક રીતે નબળા પડી રહ્યા છે. સમગ્ર વિશ્વને મોટી સજા થઈ રહી છે તે જોઈને મન વ્યથિત થઈ જાય છે. આ પણ વાસ્તવમાં સમયનો જ આદેશ અને ન્યાય હોય તેવું લાગે છે. એક સુંદર શેર સમજવા જેવો છે :

રોજ એવું થાય કે હું અઢળક લખી નાંખુ
પછી થાય આ બધું લખી લખી ક્યાં નાંખુ ?

કોરોનાની દવા વિકસિત કરવા વિશ્વની સંખ્યાબંધ કંપનીઓ કામ ઉપર છે છતાં તે બજારમાં આવતા લગભગ સપ્ટેમ્બર મહિનો આવી જશે ત્યાં સુધી તકેદારીના પગલા આપણાં અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક છે. પરંતુ લોકો હજી આ અંગે વર્તનમાં ખૂબ જ કાચા રહ્યા છે. ટૂંકમાં આપણી જન્મજાત ખામી અશિસ્તની વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. તેથી સંક્રમણ ધાર્યા મુજબ અટકતું નથી ! અમૃત ઘાયલના શેરમાં આપણી માનસિકતાના દર્શન થાય છે,

સ્વયં વિકાસ છીએ સ્વયં વિનાશ છીએ,
સ્વયં ખિલી જવાનાં સ્વયં ખરી જવાના !

કોરોના વાઈરસ બહુ જ લાંબા સમય સુધી ચાલે તેવી સંભાવનાઓ છે એટલે તેના બચાવના ઉપાયો આપણી જિંદગીનો ભાગ બનાવવો જ પડશે બધુ જ સરકાર કરશે તે માન્યતામાં પ્રજાની ભૂલ છે. પ્રત્યેક નાગરિકે ખૂબ નિષ્ઠાથી જીવવાની જવાબદારી નિભાવવી પડશે. હાલ અર્થતંત્ર મંદીના રસ્તા પર ચાલી રહ્યું છે કેમ કે તમામ પ્રવૃત્તિઓ ડર ભર્યા વાતાવરણમાં સીમિત થઈ છે અને બીજી બાજુ સરકારના ખર્ચા કાઢવા આવકો ઘટી છે નોકરીઓ ઉપર સંકટ ઊભું થયું છે !! બેરોજગારી વિશ્વમાં વ્યાપક થઈ રહી છે અને આ દૃષ્ટિએ કોરોના ખૂબ જ કાળમુખો શૈતાન છે. ઘનિષ્ઠ વસ્તીવાળા વિસ્તારોમાંથી કોરોનાને દૂર કરવો અત્યંત કપરો છે. વિશ્વ સંગઠન તો ભૂખમરા અને તબાહીની આગાહીઓ કરી ચૂક્યું છે. આત્મનિર્ભર ભારત અને ઈશ્વરમાં સરખી શ્રધ્ધા રાખવી પડશે કારણ કે આપણે લુચ્ચાં અને દગાબાજ ચીન સાથે જરૂર ઘર્ષણ થવાનું છે. વિશ્વયુદધ થવાની પૂરી સંભાવના ઊભી થઈ છે અને આપણે દેશની રક્ષા માટે ત્યાગ અને યોગદાન આપવા ઊભા રહેવું પડશે. ચીન વિસ્તારવાદી જ રહેવા કટીબદ્ધ છે, તો આપણે ભારતને માતૃભૂમિનાં પ્રેમમાં સ્વાભાવિમાન પ્રગટ કરવાના દિવસો આવી જ ગયા છે. આપણું સૈન્ય શૂરવીર અને બહાદુરીમાં અવ્વલ છે. માટે બધા ઐક્ય માટે જાગૃત થઈએ એ સમયનો ઓર્ડર છે. પાકિસ્તાનના આતંકવાદી જોડે ચીન ગઠબંધન કરી રહ્યું છે તે સ્થિતિની જે ગંભીરતા છે તે દર્શાવે છે. આંતરિક પક્ષાપક્ષી મતભેદને મહેરબાની કરીને ત્યજી ભારત માટે જ જીવો એ તાતિ વર્તમાનની માંગ છે. દરેક રાજકીય પક્ષો હવે જાણી લો કે દેશ મહાન અને દેશ હશે તો બધું મળશે. કૃષ્ણ અને રામની ભૂમિ ઉપર જીવતા આપણે હવે સમયના પ્રવાહને સમજવો પડશે.

પડોશી રાષ્ટ્રો સર્વથા દંભી લંપટ અને દગાવાળા છે તેથી બધાએ દિલથી ઐક્ય લાવવું જ પડશે ! સહી-સિક્કા વગરનો વણલખ્યો કરાર - એકરાર - માતૃપ્રેમનો જે ભારતને મહાન બનાવી રાખશે.

શેર આસ્વાદ :
ફૂરસદ મિલે તો ઉનકા ભી
હાલ પૂછ લિયા કરો જનાબ
જિન કે સિને મેં દિલ કી જગહ
આપ ધડકતે હો !!